# 12 પ્રસંગદીપ

**- ભરત ના. ભટ્ટ**

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. આજે દક્ષિણામૂર્તિ સંસ્થામાં શાની ધમાલ ચાલી રહી હતી?

2. નાનાભાઈએ આગેવાન મંડળી સિવાયના ભાઈઓને બોલાવીને શું કહ્યું?

3. 'જરૂર ઊજવીએ'- એમ કહેવા પાછળ નાનાભાઈનો શો આશય હતો?

4. સંસ્થા ચલાવવા બાબતે કઈ વાતે વિદ્યાર્થીઓ ઢીલા પડ્યા?

5. સંસ્થા ચલાવવા બાબતે અંતે વિદ્યાર્થીઓએ શી પ્રતિક્રિયા આપી?

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. નાનાભાઈએ તોફાનદિન ઊજવવાની મંજૂરી આપી ત્યારે તેનો ઉદ્દેશ શો હતો?

2. તોફાનદિન ઊજવણી બાબતે અંતે સૌએ શું કર્યું?

3. નાનાભાઈએ વિદ્યાર્થીઓને સંસ્થા માટે પૈસા મેળવવા કયા શબ્દોમાં ભલામણ કરી?

**નીચેના પ્રશ્નોના ઉત્તર આશરે સો શબ્દોમાં લખોઃ**

1. બંને પ્રસંગોમાં પ્રશ્નોના નિરાકરણ લાવવાની નાનાભાઈની કાર્યશૈલી વિશે લખો.

2. 'પ્રશ્નોને દબાવી દેવાથી પ્રશ્નોનું નિરાકરણ થતું નથી' આ વાક્ય બંને પ્રસંગોને આધારે સમજાવો.

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર પૂરા વાક્યમાં લખોઃ**

1. આ બંને પ્રસંગો કઈ સંસ્થામાં બનેલી ઘટનાઓ છે?
2. આ પ્રસંગો કઈ કૃતિમાંથી લીધેલા છે અને તે કોણે લખ્યા છે?
3. આ પ્રસંગો કયા સમયગાળામાં ઘટેલી ઘટનાઓ છે?

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરી લખોઃ**

1. વિદ્યાર્થીઓ <u>ઑફિસમાં</u> બહાર નીકળી ગયા.
2. <u>પગારથી</u> તારીખ નજીક આવે છે.
3. કાલે તમે <u>ઑફિસમાંથી</u> મને મળો એટલે આપણે વિચારી લઈએ.
4. આજે <u>દક્ષિણામૂર્તિને</u> ધમાલ ચાલી રહી છે.
5. રસોડામાં પણ ગોળ <u>ખાંડને</u> નુકસાન થશે ને?

**નીચેનાં વાક્યોને માગ્યા પ્રમાણે પરિવર્તન કરીને લખોઃ**

1. અમે તો સાંભળવા તૈયાર જ છીએ. (નિષેધવાક્ય બનાવો.)
2. નાનાભાઈથી સાવ ભોળા બની જઈને બોલાયું. (કર્તરિવાક્ય બનાવો.)
3. એક-બે જણાએ ધીરેથી પૂછયું (કર્મણિવાક્ય બનાવો.)
4. વિદ્યાર્થી બહાર નીકળ્યો. (ભાવેવાક્ય બનાવો.)
5. તમે કહેશો તો હું નિયામક થઈશ. (વાક્ય ફરી લખી સંયોજકને રેખાંકિત કરો.)

**નીચેનાં વાક્યોને લેખનરૂઢિ અને ભાષા દૃષ્ટિએ સુધારીને ફરીથી લખોઃ**

1. જુવો બિલકુલ નહીં અવાજ થવો જોઈએ.
2. નાનાભાઈ કડક અવાજે ક્હયું.
3. બોલો એવો તોફાન દીન ઉજવવો છે ને?

4. તેણે આયુર્વેદ ઉપર ઘણી શ્રધ્ધા છે.

______

5. આવતી કાલે શાળામાં વકૃત્વ સ્પર્ધા છે.

______

**નીચેના દરેક શબ્દના બે-બે સમાનાર્થી શોધીને લખોઃ**

1. **સુકાની** - હોશિયાર - પંથ ______ ______ ______
2. **બાહોશ** - નાયક - હેતુ ______ ______ ______
3. **ગંતવ્ય** - ઉપાય - આગેવાન ______ ______ ______
4. **રસ્તો** - લક્ષ - કાબેલ ______ ______ ______

**નીચેના શબ્દોનો અર્થભેદ દર્શાવોઃ**

1. ચીર - ______ ચિર - ______
2. સુધા - ______ સુધ્ધાં - ______
3. અહીં - ______ અહિ - ______

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દને સ્થાને વિરોધી શબ્દ મૂકી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે વાક્ય ફરીથી લખોઃ**

1. આમ કરવાથી અમને <u>નુકસાન</u> થાય.

______

2. વિદ્યાર્થીઓ <u>મોટેથી</u> બોલ્યા નહીં.

______

3. સૌ અતિ <u>ઉત્સાહી</u> હતા.

______

**નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ શોધીને લખોઃ**

1. સમૂહ વતી કામ કરનાર થોડાક વ્યક્તિઓનો સમૂહ - ______
2. હકારનો સૂર - ______
3. જીવનલક્ષી શિક્ષણની પ્રક્રિયા - ______

**નીચેના તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ લખોઃ**

1. બાબરી - ______ ટાંકું - ______

**નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

1. સકંજામાં લેવું - ______

______

2. ચાલ ચાલવી - ______

______

3. પગ ઢીલા થવા - ______

______

**નીચેના ગદ્યખંડને કૃતિના આધારે વિચારવિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખોઃ**

પગાર માટે તેમજ બીજાં કામો માટે ખૂટતી રકમ ક્યાંથી મેળવવી તે વિચારી લો. તમે સરવૈયું અને સિલક તપાસી લો. પગારની તારીખ નજીક આવે છે તેથી, પૈસા છે કે નહીં તે જાણી લો.

•